**રે.દિ.મુ.નં : ૦૯/૨૪.**

**–:: આંક–૫ લગત હુકમ ::–**

(૧) આ કામે વાદી ધ્વારા હાલનો દાવો ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે લાવવામાં આવેલ છે અને વચગાળાનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના મોજે ગામ નાનીવાવની સીમમાં આવેલ ખાતા નં.૧૩૬ રે.સ.નં.૧૦ ( જુનો રે.સ.નં.૬૧/૩ ) હે.૦–૬૯–૧૨ આરે. વાળી જમીન જે સાદડ વાળો પાનવો તરીકે ઓળખાય છે તે ૭૩ એ.એ.થી નીયંત્રીત સત્તા પ્રકારની ખેતીની જમીન વાદીની માલીકી કબજા ભોગવટાની આવેલી છે. જેને હવેથી દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખ કરેલ છે. સદરહુ દાવાવાળી જમીનના મુળ માલીક ભગા ઉર્ફે ભગલાભાઈ દેવલાભાઈ હઠીલા હતા. તે અંગે રેવન્યુ રેકર્ડમાં નોંધ નં.૨૮, તા.૨૪–૪–૧૯૫૦ થી નોંધાયેલ છે. સદર જમીન ભગા ઉર્ફે ભગલાભાઈ દેવલાભાઈ હઠીલાને ભાઈઓ ભાગની વહેચણીમા મળેલ હતી ત્યારબાદ ભગા ઉર્ફે ભગલાભાઈ દેવલાભાઈ હઠીલા ગુજરી જતા વારસાઈ હકકે તેમના વારસો અનુક્રમે હીરાભાઈ, ધીરાભાઈ, સોમલીબેન અને ચંપાબેનના નામ વારસાઈ હકકે નોંધ નં.૩૦૯ થી તા.૩–૬–૮૨ નારોજ રેવન્યુ રેકર્ડમા દાખલ થયેલા તે પૈકી હીરાભાઈ ભગાભાઈ ગુજરી જતા તેમના વારસો અનુક્રમે સબુરભાઈ, સરતનભાઈ, મડીબેન, સાગુડીબેન, અને બાઈ બજીબેન ના નામ નોંધ નં.૫૫૧ તા.૧૫–૧૧–૧૯૯૬ નારોજ દાખલ થયેલા. તે પૈકી સબરુભાઈ હીરાભાઈ ગુજરી જતા તેમના વારસો તરીકે વાદીઓના નામ વારસાઈ હકે નોંધ નં. ૭૨૪ તા.૧૮–૭–૨૦૧૪ નારોજ દાખલ થયેલા. તેવી જ રીતે ભગાભાઈ દેવાભાઈના બીજા પુત્ર ધીરાભાઈ ગુજરી જતા વારસાઈ હકકે નોંધ નં.૭૫૨ તા.૨૫–૯–૨૦૧૭ થી શાન્તાબેન, સુમીત્રાબેન, રમીલાબેન, મધુબેન, કાળીબેન અને અરવીંદભાઈના નામો દાખલ થયેલા. આમ, વાદીઓ મર્હુમ હીરાભાઈ ભગાભાઈ અને ધીરાભાઈ ભગાભાઈના વારસદારો છે. આ દાવાવાળી જમીનમાં અરવીંદભાઈ ધીરાભાઈનુ રહેવાનુ ઘર આવેલ છે. તથા આ દાવાવાળી જમીનમાં સાગ, મહુડા, નીલગીરી, આંબાના વૃક્ષો પણ ઉછેરેલા છે. આ દાવાવાળી જમીનમાં

વાદીઓ વર્ષોથી ખેતી કરી તેમનું ગુજરાન ચલાવે છે. વાદીઓ દાવાવાળી જમીનના કાયદેસર માલીક અને કબજેદાર છે. તેમા પ્રતિવાદીઓનો કોઈ હકક હીસ્સો કે લાગભાગ નથી તેમજ દાવાવાળી જમીનનુ પાણીપત્રક વાદીઓના નામે થાય છે.વેરો વાદીઓ ભરે છે. દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદીઓનો કોઈ હકક હીસ્સો કે લાગભાગ ન હોવા છતા આ જમીનમા ગેરકાયદેસર કબજો કરી લેવાની પેરવીઓ કરતા હોય પ્રતિવાદીઓ વિરુધ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજી લાવવાની જરુર પડેલ છે. તા.૧૪–૪–૨૪ નારોજ વાદીઓ દાવાવાળી જમીનમા ખેતી કામ કરવા માટે સાફસુફી કરતા હતા ત્યારે પ્રતિવાદી ઓ એક જુથ થઈ હાથમા મારક હથિયારો લઈ દાવાવાળી જમીનમા ગેર કાયદેસર પ્રવેશ કરી વાદીને ખેતી કરતા અટકાવવા કોશીષ કરતા વાદીએ ગામ ની પંચ ભેગી કરી સમજાવતા પ્રતિવાદીઓ તથા તેમના ઘરની સ્ત્રિઓ વાદીઓ ઉપર ઉશ્કેરાઈ આ જમીન અમો ખેડવાના તેવી ભારે ધમકી આપી ત્યારથી અરજીનું કારણ ઉત્પન્ન થયેલ છે. વાદીનો પ્રાયમાફેસી કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે. વાદીઓના લાભમાં હુકમનામુ થવાની પુરેપુરી શકયતા છે. જો વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ના આવે તો વાદીઓને આર્થીક રીતે ભરપાઈ ના થાય તેવુ મોટુ નુકશાન થવાની શકયતાઓ છે. જયારે પ્રતિવાદીઓને કોઈ નુકશાન નથી તેમ જણાવી હાલની અરજીમાં માંગ્યા મુજબનો વચગાળાનો મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદીને દાવાનો સમંસ તથા હાલની અરજીની નોટીસ બજી જતાં પ્રતિવાદીઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૪ થી વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે જેમા મહદઅંશે વાદીની દાવા અરજીની હકીકતનો ઈન્કાર કરેલ છે અને વાદીને આવા પ્રકારનો દાવો કરવા કોઈ હકક અધિકાર નથી. તેવી હકીકત જણાવે છે કે, દાવાવાળી જમીન રે.સ.નં.૬૧/૩ વાળી રે. સ.નં. ૧૦ વાળી જમીનને અડીને રે.સ.નં.૭ વાળી પ્રતિવાદીની નજીક જમીન આવેલી છે. આ જમીનમા ખેતી કરી ઉપજ લેતા આવ્યા છે. પ્રતિવાદીના બાપ દાદાના વખતથી તેમના કુટુંબ પરીવાર સાથે રહે છે. આ સાથે ઘર વેરાની પહોચો રજુ છે તથા લાઈટબીલની નકલો રજુ છે. આમ, પ્રતિવાદીના કબજા

ભોગવટા વાળી જમીનમા પ્રતિવાદીનો કબજો ભોગવટો છે. દાવાવાળી જમીનના પુર્વ–પસ્ચિમ તરફના ખુંટ ખોટા છે. દાવાવાળી રે.સ.નં.૧૦ જુનો સ.નં.૬૧/૩ વાળી જમીન કે જે વાદીઓના નામે ચાલે છે તે જમીન બાબતે પ્રતિવાદીને તકરાર નથી. પરંતુ તેને અડીને આવેલ જમીન રે.સ. નં. ૭ વાળી પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની આવેલી છે જેમા પ્રતિવાદીનો કબજો ભોગવટો આવેલ છે જેથી માત્ર પ્રતિવાદીના કબજા ભોગવટાની જમીનની તકરાર છે. પ્રતિવાદીએ તા.૧૪/૦૪/૨૦૨૪ ના રોજ કોઈ ઝગડો તકરાર કરેલ નથી કે વાદીને ધમકીઓ આપેલ નથી. જેથી વાદીને હાલનો દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. જેથી વાદીના દાવા તથા મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. ખરી હકીકતે દાવાવાળી જમીનને અડીને પ્રતિવાદીની જમીન આવેલી છે. જેમા પ્રતિવાદીના ત્રણ મકાનો આવેલ છે. જે જમીનમાં તેઓ ખેતી કરી ઉપજ લેતા આવેલ છે. દાવાવાળી જમીનને અડીને આવેલ જમીનમા પ્રતિવાદીના બાપ દાદા વખતના મકાનો આવેલ છે. પ્રતિવાદી રે.સ.નં.૭ વાળી જમીનના માલીક હોય વાદીનો દાવો રદ્દ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે આંક–૨૪ થી પ્રતિવાદીના જવાબ સામે કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જેમાં મહદઅંશે પ્રતિવાદીના જવાબની હકીકતનો ઈન્કાર કરેલ છે. અને પોતાની દાવા અરજીની વિગતોને વળગી રહેલ છે.

(૪) બંને પક્ષોની દલીલો સાંભળી, વાદી તરફે તેમની અરજી મુજબની જ દલીલો કરાવમાં આવેલ છે. જયારે પ્રતિવાદી તરફે તેમના જવાબ મુજબની દલીલો કરવામાં આવેલ છે. જે ધ્યાને લીધી.

(૫) સદર અરજીના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઠરાવવામાં આવેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

૨. શું સમતુલાનું પલ્લુ વાદીની તરફેણમાં છે?

૩. શું વાદીને નાણામાં ન મુલવી શકાય તેવું નુકશાન થવા સંભવ છે?

૪. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયોના જવાબ નીચે મુજબ છે.

૧. ''નકારમા '',

૨. '' નકારમાં '',

૩. '' નકારમાં '',

૪. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુકત ચર્ચા ::-**

આ કામે મુદ્દા નં. ૧ થી ૩ એક બીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન નિવારવા માટે મુદ્દા નં. ૧ થી ૩ ની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

(૭) આ કામે બંને પક્ષની દલીલો સાંભળી, કાયદાકીય સ્થિતિ ધ્યાને લીધી, કેસનુ રેકર્ડ વંચાણે લીધુ. વાદીની રજુઆત મુજબ દાવાવાળી રે.સેનં. ૧૦ વાળી જમીન વાદીઓની વડીલો પાર્જીત જમીન આવેલ છે. અને વાદીની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. તેમાં પ્રતિવાદીને કોઈ હકક હિસ્સો કે લાગભાગ નથી. તેમ છતા પ્રતિવાદી દાવાવાળી જમીનનો ગેરકાયદેશર કબજો કરી લેવા પેરવી કરતા હોય હાલનો દાવો લાવેલ છે.

(૮) પ્રતિવાદી તરફે વાદીની સદર હકીકતોનો તેમના દાવા જવાબમાં સ્પષ્ટ પણે ઈન્કાર કરવામાં આવેલ છે. અને એવી હકીકત જણાવે છે કે દાવાવાળી જમીનની નજીક પ્રતિવાદીની માલીકી અને કબજા ભોગવટની રે.સે. નં. ૭ ની જમીન આવેલ છે. જે પ્રતિવાદીની માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. આમ, પ્રતિવાદીના કબજા ભોગવટા વાળી

જમીનમા પ્રતિવાદીનો કબજો ભોગવટો છે. દાવાવાળી રે.સ.નં.૧૦ જુનો સ.નં.૬૧/૩ વાળી જમીન કે જે વાદીઓના નામે ચાલે છે તે જમીન બાબતે પ્રતિવાદીને તકરાર નથી. પરંતુ તેને અડીને આવેલ જમીન રે.સ. નં. ૭ વાળી પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની આવેલી છે જેમા પ્રતિવાદીનો કબજો ભોગવટો આવેલ છે જેથી માત્ર પ્રતિવાદીના કબજા ભોગવટાની જમીનની તકરાર છે. જેથી વાદીને હાલનો દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. જેથી વાદીના દાવા તથા મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર નથી. તેવી હકીકત જણાવેલ છે.

(૯) બન્ને પક્ષની રજુઆત સાંભળી, બન્ને પક્ષના પક્ષ નિવેદન તથા રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા, કાયદાની સ્થીતી ધ્યાને લીધી, વાદી ધ્વારા તેમની અરજીમાં દાવાવાળી જમીન વાદીની માલીકી કબજા ભોગવટાની હોય તેમાં પ્રતિવાદી કબજો કરી લેવાની પેરવી કરતા હોય દાવો કરેલ હોવાની હકીકત જણાવે છે જયારે પ્રતિવાદી ધ્વારા દાવાવાળી જમીન વાદીની માલીકીની હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી અને તે જમીનને અડીને પ્રતિવાદીની રે.સેનં. ૭ વાળી જમીન આવેલ હોય તે પ્રતિવાદીની માલીકી કબજા ભોગવટાની છે અને તે જમીનના કબજા ભોગવટાની તકરાર છે તેવી હકીકત જણાવેલ છે. આમ, પ્રતિવાદી તરફે દાવાવાળી રે.સ.નં. ૧૦ વાળી જમીન વાદીની માલીકી અને કબજા ભોગવટાની આવેલ હોવા બાબતે કોઈ તકરાર લેવામાં આવેલ નથી અને વાદીની જમીનમાં તેઓ કોઈ હરકત કરતા નહી હોવાનું જણાવેલ છે. વાદી ધ્વારા તેમની હાલની અરજીમાં પ્રતિવાદી વાદીની દાવાવાળી જમીનનો કબજો પડાવી લેવા પેરવી કરતા હોવાથી હાલની અરજી કરેલ હોવાનું જણાવેલ છે. પરંતું વાદી ધ્વારા હાલની અરજીમાં જે દાદ માંગવામાં આવેલ છે. તે જોવામાં આવે તો વાદી ધ્વારા હાલની અરજીમાં એવી દાદ માંગવામાં આવેલ છે કે, દાવાવાળી જમીનમાં આ કામના પ્રતિવાદી તેમના માણસો, નોકરો એજન્ટો કોઈ વેચાણ કે ગીરો, બક્ષીસ કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે. વાદીના સમગ્ર દાવા કે હાલની અરજીમાં પ્રતિવાદી દાવાવાળી જીમન વેચવા પ્રયત્ન કરતા હોય તેવી કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી. વાદી ધ્વારા તેમની હાલની અરજીમાં પ્રતિવાદી દાવાવાળી જમીનનો

કબજો પડાવી લેવા પ્રયત્ન કરતા હોવાનું જણાવેલ છે. પરંતુ હાલની અરજીમાં વાદીના કબજા ભોગવટામાં પ્રતિવાદી દખલ અંતરાય કરે નહી કે ગેરકાયદેશર કબજો કરે કરાવે નહી તેવી કોઈ દાદ વાદી તરફે માંગવામાં આવેલ નથી. ઉપરાંત દાવાવાળી જીમની વાદીની માલીકી કબજા ભોગવટાની હોવા અંગે પ્રતિવાદી તરફે કોઈ તકરાર લેવામાં આવેલ નથી તેવા સંજોગોમાં પ્રતિવાદી દાવાવાળી જમીન વેચવા માંગતા હોય કે વેચાણ કે ગીરો, બક્ષીસ કરી શકે તેવા કોઈ સંજોગો જણાય આવતા નથી. દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં પણ પ્રતિવાદીના નામ આવેલ નથી તેવા સંજોગોમાં દાવાવાળી જમીન અંગે પ્રતિવાદી કોઈ વેચાણ, ગીરો, કે બક્ષીસના કોઈ દસ્તાવેજ કરી શકે તેવી શકયતા પ જણાય આવતી નથી તેવા સંજોગોમાં વાદી દ્વારા જે પ્રકારની દાદ માંગવામાં આવેલ છે તે અનુસંધાને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેશ હોવાનું જણાય આવતું નથી.

(૧૦) હવે જયારે ઉપરોકત ચર્ચા મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ ન હોય ત્યારે મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાણામાં ન મુલવી શકાય તેવુ નુકશાન જતુ હોવાનું પણ જણાય આવતુ નથી. અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી.

(૧૧) આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ દાવાવાળી જમીન પ્રતિવાદી વેચાણ, ગીરી કે બક્ષીસ કરે કરાવે નહી તે મતલબની દાદ માંગેલ હોય દાવાવાળી જમીન પ્રતિવાદીની માલીકીની ન હોય કે રેવન્યુ રેકર્ડમાં પણ પ્રતિવાદીનું નામ ન હોય કે પ્રતિવાદી દાવાવાળી જમીન બાબતે કોઈ કલેઈમ પણ કરતા ન હોય તેમજ દાવાવાળી જમીન વાદીની માલીકની હોવાનું પ્રતિવાદી સ્વીકારતા હોય તે સંજોગોમાં પ્રતિવાદી દાવાવાળી મિલ્કત વેચાણ, ગીરો કે બક્ષીસ કરી શકે તેમ ન હોય તેમજ વાદી તરફે તેમની અરજીમાં તેવી કોઈ દહેસત પણ દર્શાવેલ ન હોય તેવા સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી અને મનાઈ હુકમ ના આપવાથી વાદીને નાણામાં ભરપાઈ ના થાય તેવુ નુકશાન થતુ હોવાનુ પણ જણાઈ આવતુ નથી. તે તમામ સંજોગો ધ્યાને લેતા મુદ્દા નં ૧ થી ૩ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં ૪ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧) વાદીની હાલની આંક–૫ ની વચગાળાની મનાઈ હુકમની અરજી આથી રદ યાને નામંજુર કરવામાં આવે છે.

૨) ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૦૧ લી, માહે–નવેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૧/૧૧/૨૦૨૫
લીમખેડા

(મહેમુદ ઉસ્માન કુરમાની)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
લીમખેડા
U.Id.code no.GJ01012